"જાડેજા મેઘવાળા", "મહેશ્વરી મેઘવાળ", "વણકર મેઘવાળા" અને "ચારણીયા મેઘવાળ" જાતિના ઈસમોને અનુસૂચિત જાતિના પ્રમાણપત્રો આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક /અજપ-૧૦૯૯/ઘા.સ/૬/હ
સચિવાલય, ગાંધીનગર,
તારીખ : ૧૦-૩-૨૦૦૦

**ઠરાવ :**

કેન્દ્ર સરકાર દ્વારા અનુસૂચિત જાતિ/જનજાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ હેઠળ બહાર પાડવામાં આવેલ ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં ક્રમાંક ૨૧ સામે " મેઘવાલ", " મેઘવાળ", " મેઘવાર", (Meghval, Meghwal, Meghvar) એ પ્રમાણે જાતિઓ દર્શાવવામાં આવેલ છે, જે ખાસ કરીને એક જ જાતિનો સમૂહ ગણાય છે. આ જાતિના કેટલાક જુથો/પેટા જુથો ખાસ કરીને **જામનગર**, કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લામાં તેમજ અન્ય કેટલાક જિલ્લાઓમાં **"જાડેજા મઘવાળ"**, **"મહેશ્વરી મઘવાળ"**, **"વણકર મઘવાળ"** અથવા **"ચારણીયા મેઘવાળ"** તરીકે/નામે ઓળખાય છે અને રેવન્યુ રેકર્ડમાં તેમજ શાળાના રજીસ્ટરમાં ઉપર ઉલ્લેખ કરેલ જાતિઓ લખાવે છે. કેન્દ્ર સરકાર તરફથી પ્રસિધ્ધ થયેલ અનુ.જાતિઓની યાદીમાં ઉપરોકત જાતિઓનો ઉલ્લેખ ન હોવાથી ઉપર જણાવેલ જાતિના ઈસમોને **અનુસૂચિત જાતિના હોવા અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવતું નથી.** આથી "જાડેજા મેઘવાળ", "મહેશ્વરી મેઘવાળ", "વણકર અને મેઘવાળ" "ચારણીયા મેઘવાળ" જાતિના ઈસમોને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવા તથા અનુસુચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો આપવા અંગે સરકારશ્રીને કેટલીક રજુઆતો મળી હતી. તે રજૂઆતો વિચારણામાં લેતાં એવું ફલિત થાય છે કે "જાડેજા મેઘવાળ" "મહેશ્વરી મેઘવાળ", "વણકર મેઘવાળ" અને "ચારણીયા મેઘવાળ" તરીકે ઓળખાવતા જાતિના લોકો મુળે મેઘવાળ, મેઘવાર, અથવા મેઘવાલ જાતિના હોય છે. આમ "જાડેજા મેઘવાળ" "મહેશ્વરી મેઘવાળ", "વણકર મેઘવાળ" અને "ચારણીયા મેઘવાળ" શબ્દ મુળે મેઘવાળ, મેઘવાલ, અથવા મેઘવાર જાતિના એકબીજાના પર્યાયરૂપ શબ્દો છે, કોઈ ભિન્ન જાતિ નથી. અર્થાત અનુસૂચિત જાતિની યાદીમાં કોઈ નવી જાતિ/પેટાજુથોનો ઉમેરો કરવાનો થતો નથી, પરંતુ આ જાતિઓ માટે કેટલીક સ્પષ્ટતાઓ જ કરવાની રહે છે.

૨. આમ, સમગ્ર બાબતની પુખ્ત વિચારણાને અંતે આથી એવું ઠરાવવામાં આવે છે કે જે ઈસમો મુળે "મેઘવાલ", "મેઘવાળ", અથવા "મેઘવાર" જાતિના હોય પરંતુ પોતાને "જાડેજા મેઘવાળ" "મહેશ્વરી મેઘવાળ", "વણકર મેઘવાળ" અથવા "ચારણીયા મેઘવાળ" તરીકે ઓળખાવતા હોય તેમજ શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં અગરતો અન્ય કોઈ રેવન્યુ રેકર્ડમાં પણ ઉપર મુજબની જાતિ લખાવેલી હોય/ઉલ્લેખ થયેલ હોય તો તેવા ઈસમો, તેઓ **"મેઘવાળ"**, **"મેઘવાલ"**, કે **"મેઘવાર" જાતિના હોવા અંગેનો પુરાવો રજુ કરે તો તેવા ઈસમોને પણ હવેથી અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપી શકાશે તેમજ અનુસૂચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો આપી શકાશે.**

૩. ઉપર જણાવ્યા મુજબ "જાડેજા મેઘવાળ" "મહેશ્વરી મેઘવાળ", "વણકર મેઘવાળ" અને "ચારણીયા મેઘવાળ" જાતિના ઈસમોને હવેથી અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર મળી રહે તે અંગે પ્રમાણપત્ર આપતા સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓને સુચના આપવા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(વી. એમ. પરમાર)
નાયબસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો,
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તમામ જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ/સંબંધિત તકેદારી અધિકારીશ્રીઓ,
તમામ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
તમામ જીલ્લા કલેકટરશ્રીઓ
તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતા/કચેરીઓના વડાઓ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ બોર્ડ/કોર્પોરેશન.
સા. ન્યા. અને અ. વિભાગની સઘળી શાખાઓ
સા. ન્યા. અને અ. વિભાગના અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી
સીલેકટ ફાઈલ.

* પત્ર દ્વારા

પ્રતિ,
—જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી (તમામ)
—જીલ્લો :
—સમાજકલ્યાણ અધિકારીશ્રી (તમામ)
(પંચાયત) જીલ્લો